અકસ્માત કરનાર કન્ટેનર ડ્રાઈવરની પોલીસે અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈ-વે ઉપર માતર ગામ પાસે અકસ્માતમાં 3 કામદારોના મોત

હાઇ-વે ઉપર લોખંડની ગ્રીલનું કામ કરતા ટ્રેક્ટરને કન્ટેનરને ધડાકાભેર ટક્કર મારતા અકસ્માત સર્જાયો

(પ્રતિનિધી) ભરૂચ,આમોદ,તા.7 દિલ્હી - મુંબઈ એક્સપ્રેસ હાઈવે ઉપર શનિવારે બપોરના સમયે લોખંડની ગ્રીલનું કામ કરતા ટ્રેક્ટરને અચાનક ધસી આવેલા ટ્રકે ટક્કર મારતા ત્રણ મજૂરોના કરુણ મોત થયા હતા.જ્યારે અન્ય એકને ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આમોદ પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઇવે ઉપર આમોદ તાલુકાના માતર ગામ નજીક શનિવારે બપોરના સમયે લોખંડની ગ્રીલનું કામ ચાલુ હોવાથી એક ટેક્ટર માર્ગની સાઇડમાં ઊભું હતું. ત્યારે ભરૂચથી વડોદરા તરફ જતા પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી ચઢેલા કન્ટેનરે પાછળથી ટેક્ટરને જોરદાર ટક્કર મારતા ટેક્ટરને ક્યડી નાખ્યું હતું.ટ્રેક્ટરમાં બેઠેલા ત્રણ મજૂરો નામે 1)બલસિંગ મકનસિંગ ગેહલોત રહે.મધ્યપ્રદેશ ૨) જાનુકોદર ભુરીયા રહેમ મધ્યપ્રદેશ ૩) મોવન ભીંડુ મુનિયા રહે.મધ્યપ્રદેશના મોત થયા હતા.જ્યારે શિવો ભલું ભુરીયાને ઈજાઓ થતા તેણે સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતા આમોદ પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત કરનાર કન્ટેનર ડ્રાઈવરની પોલીસે અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે લોખંડની ગ્રીલનું કામ કરવા માટે ટેક્ટર એક્સપ્રેસ હાઈવે ઉપર સાઈડમાં પાર્ક કર્યું હતું.ત્યારે અચાનક પુરઝડપે ધસી આવેલા કન્ટેનર ચાલકે ઉભેલા ટેક્ટરને ટક્કર મારતા અકસ્માત થયો હતો. જેમાં ત્રણ કામદારોના મોત થયા હતા.

કૃષિ રાહત-સહાય પેકેજ માટે નરસિંહપુરાના ખેડૂતે સરકારનો ઋણભાવ વ્યક્ત કર્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.8 જ્યારે જ્યારે ખેડૂતો પર પ્રકૃતિક આપદા વરસી છે, ત્યારે ત્યારે ગુજરાત સરકાર તેમની પડખે ઉભી રહી છે. વડોદરા જિલ્લાના નરસિંહપુરા ગામના માજી સરપંચ અને ખેડૂત નટુભાઈ પઢિયારે અસાધારણ કમોસમી વરસાદથી થયેલા પાક નુકસાની માટે ધરતીપુત્રોની પડખે ઊભા રહીને માતબર રકમનું કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી રાજ્ય સરકારનો હૃદયપૂર્વક ઋણભાવ વ્યક્ત કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા ખેડૂત હિતમાં જાહેર થયેલું રૂ. ૧૦ હજાર કરોડનું અત્યાર સુધીનું સૌથી મોટું કૃષિ રાહત-સહાય પેકેજ તેમજ રૂ. ૧૫ હજાર કરોડથી વધુની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય રાજ્ય સરકારની ખેડૂત કલ્યાણની ભાવનાનું પ્રતિબિંબ છે. પિયત, બિન પિયત અને બાગાયતી પાક લેતા તમામ ખેડૂતોને સમાન વળતર મળશે. પ્રતિ હેક્ટર રૂ. ૨૨ હજાર વળતર ચૂકવીને રાજ્ય સરકાર અન્નદાતાઓની આર્થિક સુખાકારીની ચિંતા કરશે.

રાજ્યપાલ દેવવ્રતજીએ એકતાનગરના વામન વૃક્ષ વાટિકાની મુલાકાત લીધી

સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કાર્યકારી અધિકારી અમિત અરોરાએ રાજ્યપાલને લોહપુરુષ સરદાર સાહેબની પ્રતિકૃતિ સ્મૃતિચિહ્ન રૂપે અર્પણ કરી

(પ્રતિનિધી) વડોદરા, તા.8 પ્રકૃતિ અને પર્યાવરણના સંરક્ષણ પ્રત્યે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો અભિગમ હંમેશા પ્રેરણાદાયક રહ્યો છે. તે જ દિશામાં તા. ૦૮ નવેમ્બરના રોજ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ એકતાનગર ખાતે વિકાસ પામેલા વામન વૃક્ષ વાટિકા - બોન્સાઈ ગાર્ડનની મુલાકાત લઈને પર્યાવરણ પ્રત્યે પ્રેમ, સંવેદના અને સંતુલનનો અનોખો સંદેશ આપ્યો હતો. વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યના આકર્ષક પરિસરમાં વિકાસ પામેલ બોન્સાઈ ગાર્ડન કુદરતી સૌંદર્ય અને પર્યાવરણના સમન્વયનું જીવંત ઉદાહરણ છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વિવિધ જાતિના બોન્સાઈ વૃક્ષોને નિહાળી તેની સુવ્યવસ્થિત સંભાળની પ્રશંસા કરી હતી. મુલાકાત દરમ્યાન વનવિભાગના ડી.સી.એફ. અગ્નિશ્વર વ્યાસે રાજ્યપાલને બોન્સાઈ, તેના પ્રદર્શન વિસ્તાર અને કુદરતી સંતુલનના મહત્વ વિશે માહિતી આપી હતી. તેમણે ઈન્ટરપ્રિટેશન સેન્ટરમાં રજૂ કરાયેલ એક સંક્ષિપ્ત શોર્ટ ફિલ્મ નિહાળી હતી, જેમાં પ્રકૃતિપ્રેમ અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ રજૂ કરવામાં આવ્યો હતો. વધુમાં, રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વર્ષ ૧૯૮૦ માં રોપાયેલું ૪૫ વર્ષ જુનું ફાઈકસ રેટુસા (ગુલર) બોન્સાઈ વૃક્ષ નિહાળ્યું અને તેની સાથે સ્મૃતિરૂપે તસ્વીર પણ ખેંચાવી હતી. આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કાર્યકારી અધિકારી અમિત અરોરાએ રાજ્યપાલને લોહપુરુષ સરદાર સાહેબની પ્રતિકૃતિ સ્મૃતિચિહ્ન રૂપે અર્પણ કરી હતી.

સામાજિક ન્યાય અને અધિકારીતા

મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજા સંકલ્પભૂમિની મુલાકાતે

મંત્રીએ આ સ્મારકમાં તૈયાર થઈ રહેલા મ્યુઝિયમની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને તેની પ્રગતિની વિગતો મેળવી

(પ્રતિનિધી) વડોદરા, તા.8 ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ આજે વડોદરા શહેરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ડો. વાજાએ રાજ્યકક્ષાના મંત્રી ડૉ. મનિષાબેન વકીલ સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર સાથે જોડાયેલા બે મહત્વપૂર્ણ સ્થળોની મુલાકાત લીધી હતી અને પ્રગતિમાં ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. મંત્રીએ સૌપ્રથમ સયાજી બાગમાં આવેલ ડૉ. આંબેડકર સંકલ્પ ભૂમિની મુલાકાત લીધી હતી, જ્યાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને આદર અંજલિ અર્પણ કરી હતી. આ સાથે કલ્યાણનગર સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર સંકલ્પભૂમિ સ્મારક અને ત્યારબાદ મંત્રીશ્રીએ કલ્યાણનગર સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર સંકલ્પભૂમિ સ્મારકની મુલાકાત લીધી હતી. મંત્રીએ આ સ્મારકમાં તૈયાર થઈ રહેલા મ્યુઝિયમની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને તેની પ્રગતિની વિગતો મેળવી હતી.

પાદરા તાલુકાના ઈશ્વરભાઈ પઢિયારે કૃષિ રાહત પેકેજ માટે સરકારનો આભાર વ્યક્ત કર્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.8 કમોસમી વરસાદથી ખેતી પાકોને થયેલા વ્યાપક નુકસાનમાંથી ધરતીપુત્રોને પુનઃ બેઠા કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની નેતૃત્વવાળી રાજ્ય સરકારે સંપૂર્ણ સંવેદના દાખવીને જાહેર કરેલા રૂ. ૧૦ હજાર કરોડના ઐતિહાસિક કૃષિ રાહત પેકેજને રાજ્યના ખેડૂતો હર્ષભેર આવકારી રહ્યા છે. પાદરા તાલુકાના નરસિંહપુરા ગામના પ્રગતિશીલ ખેડૂત પઢિયાર ઈશ્વરભાઈએ ખેડૂતોની સહાયતા માટેના અત્યાર સુધીના સૌથી મોટા કૃષિ રાહત પેકેજ બદલ સરકારનો આભાર વ્યક્ત કરી સંતોષભાવ પ્રકટ કર્યો છે. મહત્વનું છે કે, કુદરતી આપત્તિની આ ઘડીમાં ખેડૂતોના મહામુલા પાક અને તેમની મહેનતનું પૂરેપૂરું વળતર સુનિશ્ચિત કરવાની સંવેદના સાથે સરકાર દ્વારા ૯ નવેમ્બરથી આશરે રૂ. ૧૫ હજાર કરોડથી વધુના મૂલ્યની મગફળી, સોયાબીન, મગ અને અડદની ટેકાના ભાવે ખરીદી પણ કરાશે.

યોજાનાર ઐતિહાસિક 'જનજાતીય ગૌરવ યાત્રા' વિશે મહત્વપૂર્ણ સૂચનો કરાયા

બિરસા મુંડાની 150મી જયંતીના આયોજન સમિતિની સુખસર ખાતે બેઠક યોજાઈ

દાહોદ લોકસભાના સાંસદ જશવંતસિંહ ભાભોર તથા ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભૂરિયા ખાસ ઉપસ્થિત રહ્યા

(પ્રતિનિધી) પીપલોદ, તા.8 દાહોદના સુખસર તાલુકામાં ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતિ નિમિત્તે યોજાનારી ઐતિહાસિક 'જનજાતીય ગૌરવ યાત્રા'ને સફળ બનાવવા માટે આજે જી.આર. કટારા આર્ટ્સ કોલેજ, સુખસર ખાતે આયોજન સમિતિની વિસ્તૃત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં દાહોદ લોકસભાના સાંસદ જશવંતસિંહ ભાભોર તથા ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભૂરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં આવનારી જનજાતીય ગૌરવ યાત્રાના કાર્યક્રમોને લોકભાગીદારીથી વધુ પ્રભાવશાળી બનાવવા માટે વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી. યાત્રા દરમિયાન આદિવાસી સમાજના શૌર્ય, સંસ્કૃતિ, પરંપરા અને ભગવાન બિરસા મુંડાના અદમ્ય સંઘર્ષના સંદેશાને ગામડાં સુધી પહોંચાડવા અંગે સૌએ પોતાના મહત્વપૂર્ણ સૂચનો આપ્યા. બેઠકમાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતના સદસ્યો, વિવિધ ગામોના સરપંચશ્રીઓ, સ્થાનિક આગેવાનો અને કોલેજના પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ એકમતથી આ યાત્રાને ઐતિહાસિક બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. અંતે દેશના આદિવાસી ગૌરવના પ્રતિક એવા ભગવાન બિરસા મુંડાના આદર્શોને અનુસરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

'નારી શક્તિનો જયજયકાર'

વડોદરામાં 'રાષ્ટ્ર શક્તિ'ને પ્રેરિત કરતો ભવ્ય કાર્યક્રમ સંપન્ન

(પ્રતિનિધી) વડોદરા, તા.8 રાષ્ટ્રભક્તિ અને નૈતિક મૂલ્યોના વાવેતર માટે કાર્યરત Nation First અને INDU FOUNDATION દ્વારા આજે વડોદરાના વાણિજ્ય ભવન ઓડિટોરિયમ ખાતે 'નારી શક્તિ - રાષ્ટ્ર શક્તિ' શીર્ષક હેઠળનો એક અસાધારણ પ્રેરણાદાયી કાર્યક્રમ ધમાકેદાર રીતે સંપન્ન થયો. ગુજરાતના વિકાસમાં મહિલાઓના અવિસ્મરણીય યોગદાનને બિરદાવવા માટે આયોજિત આ સમારોહમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉત્સાહભેર જોડાયા હતા. આ કાર્યક્રમમાં રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતા વિશેષ પ્રસ્તુતિઓ, મહિલાઓની સિદ્ધિઓને દર્શાવતી વાર્તાઓ અને જીવનમાં નૈતિક મૂલ્યોનું મહત્વ સમજાવતા સત્રો યોજાયા હતા. પૂર્વ અધ્યક્ષ (ભાજપા વડોદરા મહાનગર) ડૉ. વિજય શાહના નિમંત્રણ હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં વડોદરાના પ્રતિષ્ઠિત નાગરિકો, સામાજિક કાર્યકરો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

પંચાયતોમાં ભ્રષ્ટાચાર સામે સરકારનો કડક પ્રહાર

ભ્રષ્ટાચારનો આરોપ સાબિત થશે તો પ્રમુખોને DDO કરશે ઘરભેગા

આ નવી વ્યવસ્થાથી ગ્રામ વિકાસ યોજનાઓ વધુ અસરકારક રીતે અમલમાં આવી શકે

(પ્રતિનિધી) પીપલોદ, તા.8 રાજ્ય સરકાર દ્વારા પંચાયતી રાજ વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર પર અંકુશ મેળવવા માટે ઐતિહાસિક અને કડક નિર્ણય લેવાયો છે. પંચાયતોને પારદર્શક અને ભ્રષ્ટાચારમુક્ત બનાવવા હેતુસર સરકારે નવું રાજપત્ર જાહેર કર્યું છે, જેના અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારીઓને (DDO) વિશેષ સત્તાઓ આપવામાં આવી છે.

નવી જોગવાઈ મુજબ હવે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતના પ્રમુખ અથવા અન્ય ચૂંટાયેલા હોદ્દેદાર સામે ભ્રષ્ટાચારનો આરોપ સાબિત થાય, તો સંબંધિત DDO તેમને તાત્કાલિક અસરથી 'ઘરભેગા' કરી શકશે, એટલે કે પદ પરથી દૂર કરી શકશે. આ પગલાનો હેતુ જનધન અને જાહેર હિતના કાર્યોમાં પારદર્શિતા વધારવાનો તથા લોકવિશ્વાસ મજબૂત કરવાનો છે.

સરકારના આ નિર્ણયથી પંચાયતી તંત્રમાં નૈતિકતા અને જવાબદારીની ભાવના વધશે. લોકહિતના કામોમાં બેદરકારી, કૌભાંડ કે ભ્રષ્ટાચારને કોઈ પણ રીતે સહન ન કરવાની સરકારની વૃત્તિ સ્પષ્ટ બની છે. આ નવી વ્યવસ્થાથી ગ્રામ વિકાસ યોજનાઓ વધુ અસરકારક રીતે અમલમાં આવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

યાર્ડ રિમોડેલિંગના કારણે એન્જિનિયરિંગ બ્લોક

પ્રતાપનગર યાર્ડમાં એન્જિનિયરિંગ કાર્ય હેતુ કેટલીક ટ્રેનો રદ રહેશે

9 નવેમ્બર થી 13 નવેમ્બર, 2025 સુધી કેટલીક ટ્રેનો રદ રહેશે

(પ્રતિનિધી) વડોદરા, તા.8 પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના વિશ્વામિત્રી-ડભોઈ સેક્શન પર પ્રતાપનગર સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગના કાર્ય હેતુ એન્જિનિયરિંગ બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને કારણે, 9 નવેમ્બર, 2025 થી 13 નવેમ્બર, 2025 સુધી કેટલીક ટ્રેનો રદ રહેશે. વિગતો નીચે મુજબ છેઃ

પૂર્ણતઃ રદ ટ્રેનો 1. ટ્રેન નં. 69202 એકતાનગર - પ્રતાપનગર મેમુ ટ્રેન 09 નવેમ્બર થી 13 નવેમ્બર સુધી રદ રહેશે. 2. ટ્રેન નં. 69203 પ્રતાપનગર - એકતાનગર મેમુ ટ્રેન 09 નવેમ્બર થી ૧૩ નવેમ્બર સુધી રદ રદ રહેશે. 3. ટ્રેન નં. 59122 છોટા ઉદેપુર - પ્રતાપનગર પેસેન્જર ટ્રેન 09 નવેમ્બર થી 13 નવેમ્બર સુધી રદ રહેશે. 4. ટ્રેન નં. 59125 પ્રતાપનગર - છોટા ઉદેપુર પેસેન્જર ટ્રેન 09 નવેમ્બર થી 13 નવેમ્બર સુધી રદ રહેશે. રેલ મુસાફરોને વિનંતી છે કે તેઓ મુસાફરી કરતી વખતે ઉપરોક્ત ફેરફારો ધ્યાનમાં રાખે. ટ્રેનના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ
CINU40102GJ2003SGC042909
ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી
મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજપુરવઠો બંધ રેહવા

આથી અમારા અટાલી, જંબુસર ગ્રામ્ય સબ ડીવીઝન ના માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે જણાવેલા વીજ ફીડરો પર સબડીવીઝન કચેરી નું અગત્યનું સમારકામ હોવાથી તેમાંથી વીજપુરવઠો મેળવતા તમામ વીજગ્રાહકો તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વીજપુરવઠો મળી શકશે નહીં. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાન કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવામાં આવશે, જેની જાહેર જનતાને ખાસ નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	સબ સ્ટેશન	ફીડર	સબ-ડીવીઝન	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ/ વાર	સમય
૧	૬૬ કેવી સંભેટી	૧૧ કેવી મેક્લિઓડ્સ ૧૧ કેવી એવરેસ્ટ ૧૧ કેવી ડેરામિક ૧૧ કેવી ગોવિંદ ૧૧ કેવી અનુગ્રહ ૧૧ કેવી ટોપલીન	અટાલી	૮૯૮૦૮૦૩૯૨૦	૧૩-૧૧-૨૦૨૫/ ગુરુવાર	૭:૦૦ થી ૧૫:૦૦
૨	૬૬ કેવી સારોદ	૧૧ કેવી સારોદ	જંબુસર ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૯૨૧	૧૩-૧૧-૨૦૨૫ / ગુરુવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૩	૬૬ કેવી મસાર રોડ	૧૧ કેવી ટ્રાન્સમેટલ ૧૧ કેવી કારેલી	જંબુસર ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૯૨૧	૧૪-૧૧-૨૦૨૫ / શુક્રવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦
૪	૬૬ કેવી માસાર રોડ	૧૧ કેવી ગજેરા	જંબુસર ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૯૨૧	૧૫-૧૧-૨૦૨૫ / શનિવાર	૦૯:૦૦ થી ૧૬:૦૦

એમ.સી.બી / ઈ.એલ.સી.બી/આર.સી.સી.બી લગાવી વીજળીના ઝાટકાથી બચો અને વીજ અકસ્માત ટાળો

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
પાણી અંગેની અગત્યનીજાહેરાત

આથી જાહેર જનતાને જણાવવાનું કે વડોદરા મહાનગરપાલિકાના પાણી પુરવઠા શાખા હસ્તકની નવિન બિલ ટાંકી ખાતેથી **તા.૦૩.૧૧.૨૦૨૫**થી સવારે **૧૧:૦૦ થી ૧૨:૦૦**માં નીચે જણાવેલ વિસ્તારોમાં ટ્રાયલ રન ચાલુ કરવામાં આવેલ હતો. જે ટ્રાયલ રનના સમયમાં **તા.૧૦.૧૧.૨૦૨૫**થી નીચે જણાવ્યા મુજબ ફેરફાર કરવામાં આવેલ છે.

ઝોનનો સમયઃ સવારે ૦૭:૦૦ થી ૦૮:૦૦ કલાક - બીલ ગામમાં આવેલ વિવિધ ફળિયા,હરીઓમ સોસાયટી તથા મઢી વિસ્તાર

જેની સદર વિસ્તારના નાગરીકોએ નોંધ લેવા તથા સહકાર આપવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૮૧૮/૨૦૨૫-૨૬ કાર્યપાલક ઈજનેર (પા.પુ.)

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ

પૂર્વ ઝોન વિસ્તારમાં ગોવર્ધન પાર્ક ચાર રસ્તાથી નિલક્ષ સિટાડેલ કોમ્પલેક્ષ થી રાજીવનગર નાળા પાસે ટ્રંક લાઇન સુધી નવિન ડ્રેનેજ લાઇન મેન્યુઅલ પુર્શીંગ પદ્ધતિથી અને ઓપન એશકેવેશન થી નાંખવા અંગે અત્રેથી ઈજારદાર મે. એસ.કે.મકવાણા એન્ડ કું. ધ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર કરવાને કારણે સદર કામગીરી વૈકલ્પીક રૂટમાં નટવરનગર ત્રણ રસ્તા થી પંચશીલ એપાટમેન્ટ સુધી જવાનો વન-વે રસ્તો ખુલ્લો રાખવા તથા પંચશીલ થી નટવરનગર જતાં વાહનોને સિટાડેલ કોમ્પલેક્ષ થી ડાયવર્ટ કરી, મીરા ચાર રસ્તા થઇ નટવરનગર તરફ ડાયવર્ટ કરવામાં આવશે. કામગીરીની સરળતા તેમજ જરૂરિયાત મુજબ તા.૧૦.૧૧.૨૦૨૫ ના રોજથી તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે કામ પૂર્ણ થતાં સુધી સદર રસ્તો બંધ રહેશે. તથા અન્ય વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉપરોકત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી..આર.ઓ.નં.૮૨૪/૨૦૨૫-૨૬ ડ્રેનેજ-વ.ગટર પ્રોજેકટ શાખા ધ્વારા પ્રકાશિત

દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.
CIN:U40102GJ2003SGC042909
ગ્રામ્ય વિભાગીય કચેરી,અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ સામે,સં.નિ.
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પુરવઠો બંધ રહેવાની જાહેરાત

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ સબ સ્ટેશનના સદર ફીડર પર જેટકો ઓફીસ દ્વારા લાઈન સમારકામની કામગીરી હોવાથી નીચે જણાવેલ સમયે દર્શાવેલ ફીડર પરથી વીજપુરવઠો મળી શકશે નહીં.

ક્રમ	સબ સ્ટેશન	ફીડર	સબ-ડીવિઝન	ફોલ્ટ સેંટર નં	તારીખ -વાર	સમય
1	૬૬ કે.વી ઝગડિયા	૧૧ કે.વી વાઘપુરા એ.જી	ઝગડિયા	૮૯૮૦૮૦૩૯૧૫	૧૦.૧૧.૨૦૨૫ સોમવાર	૦૯.૦૦ થી ૧૩.૦૦
2	૬૬ કે.વી ઝગડિયા	૧૧ કે.વી સીતારામ પેપર મિલ	ઝગડિયા	૮૯૮૦૮૦૩૯૧૫	૧૦.૧૧.૨૦૨૫ સોમવાર	૦૯.૦૦ થી ૧૩.૦૦
3	૬૬ કે.વી ઝગડિયા	૧૧ કે.વી સેલોદ એ.જી	ઝગડિયા	૮૯૮૦૮૦૩૯૧૫	૧૦.૧૧.૨૦૨૫ સોમવાર	૦૯.૦૦ થી ૧૩.૦૦
4	૬૬ કે.વી ઝગડિયા	૧૧ કે.વી ધોળકુવા(સેલોડ) જેજીવાય	ઝગડિયા	૮૯૮૦૮૦૩૯૧૫	૧૦.૧૧.૨૦૨૫ સોમવાર	૦૯.૦૦ થી ૧૩.૦૦

કામ પૂર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

કાર્યપાલક ઇજનેર(સં.નિ.),ગ્રામ્ય વિભાગીય કચેરી,અંકલેશ્વર

એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
વડોદરા મહાનગરપાલિકા હસ્તકની ખુલ્લી જગ્યા/ફુટપાથ/બ્રીજ નીચેની જગ્યામાં પે એન્ડ પાર્કનો ઇજારો જાહેર હરાજીથી આપવા બાબત.

વડોદરા મહાનગરપાલિકા હસ્તકની નીચે જણાવ્યા મુજબની ખુલ્લી જગ્યા/ફુટપાથ/બ્રીજ નીચેની જગ્યામાં પે એન્ડ પાર્કનો ઇજારો માસિક લાયસન્સ ફી થી ૧(એક) વર્ષની મુદ્દત માટે જાહેર હરાજીથી આપવાનો હોઇ રસ ધરાવતી વ્યકિતઓ/સંસ્થાઓ પાસેથી નિયત અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

અ. નં.	ઓપન પ્લોટ /ફુટપાથ /બ્રીજ નીચેની જગ્યા	સ્થળ	ઓપન પ્લોટ/ફુટપાથ /બ્રીજ નીચેની જગ્યા એરીયા ચો.મી.	ડિપોઝીટની રકમ	મીની. અપસેટ વેલ્યુ (પ્રતિ માસ)
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
૧	ટી.પી.૧(સમા), એફ.પી. નં.૫૦	સમા-સાવલી રોડ	૧૫૪૧	૧,૬૨,૦૦૦/-	૮૧,૦૦૦/-
૨	રેવન્યુ સર્વે નં.૨૧૬/બી	ગુરુદ્વારા પાસે, તરસાલી	૫૧૫	૭૦,૮૦૦/-	૩૫,૪૦૦/-
૩	બ્રીજ નીચેની જગ્યા	છાણી ઓવરફ્લાય બ્રીજ નીચે	૬૫૦	૧,૨૦,૦૦૦/-	૬૦,૦૦૦/-
૪	-	જુની પબ્લીક હેલ્થ લેબોરેટરી, ન્યુ લહેરીપુરા રોડ.	૯૦	૩૦,૦૦૦/-	૧૫,૦૦૦/-
૫	ફુટપાથની જગ્યા	ગોલ્ડન ચોકડી પાસે, ફુટપાથ	૫૫૦	૧,૨૦,૦૦૦/-	૬૦,૦૦૦/-
૬	ફુટપાથની જગ્યા	દુમાડ ચોકડી પાસે	૯૫૫	૨,૧૦,૦૦૦/-	૧,૦૫,૦૦૦/-
૭	બ્રીજ નીચેની જગ્યા	ફતેગંજ બ્રિજ	૧૦૦	૬૦,૦૦૦/-	૩૦,૦૦૦/-
૮	ટી.પી.૨ (ચુભાનપુરા), એફ.પી.૩૧૦	નટુભાઇ સર્કલ, હરીનગર બ્રિજ પાસે,	૯૫૨	૬૬,૦૦૦/-	૩૩,૦૦૦/-
૯	સી.સ. નં.૧૬૪૬	વડીવાડી પાણીની ટાંકી પાસે	૨૦૦૦	૧,૩૨,૦૦૦/-	૬૬,૦૦૦/-
૧૦	ટી.પી.૧૬ (સૈયદ વાસણા), એફ.પી. નં.૧૪૨	મુજમ્મીલ પાસે, તાંદલજા	૫૭૧	૫૭,૦૦૦/-	૨૮,૫૦૦/-
૧૧	ટી.પી.૧(સમા) એફ.પી.નં.૭૪	સમા તળાવ પાસે, મહારાણા પ્રતાપ રોડ	૨૯૫૪	૧,૭૭,૬૦૦/-	૮૮,૮૦૦/-
૧૨	ટી.પી.૧૧(સમા), એફ.પી.નં.૨૮૩	સ્પોર્ટસ કોમ્પલેક્ષ સામે, સમા.	૩૨૭	૩૦,૦૦૦/-	૧૫,૦૦૦/-
૧૩	ફુટપાથની જગ્યા	હરણી લેક ઝોન પાસે ફુટપાથ પર, હાલોલ રોડ	૧૦૦૦	૧,૨૦,૦૦૦/-	૬૦,૦૦૦/-

નિયત નમુનાનું અરજીપત્રક જમીન મિલકત શાખા(કોમર્શીયલ) ખાતેથી કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી મળશે. અરજીપત્રક તથા શરતો ઉપરોકત વેબસાઈટ પરથી જાહેરાત પ્રસિધ્ધ થયાના બે દિવસ બાદ જોઇ શકાશે તથા ડાઉનલોડ કરી શકાશે. ભરેલા અરજી પત્રકો ડીપોઝીટ સાથે જરૂરી પુરાવા સહીત તા:૨૪/૧૧/૨૦૨૫ સુધી ઓફીસ સમય દરમ્યાન "જમીન મિલકત અમલદારશ્રી, રૂમ નં ૨૦૩, જમીન મિલકત શાખા(કોમર્શીયલ), વડોદરા મહાનગરપાલીકા, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા" ને મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

પી.આર.ઓ. નં. ૮૯૯/૨૫-૨૬. આસી. મ્યુનિ. કમિશ્નર(L&E)